**માટીકલા કારીગરોના ઉત્પાદનોને વેચાણ પ્રોત્સાહન અને બજાર વ્યવસ્થા પ્લેટફોર્મ પુરૂ પાડવા બાબત**

**ગુજરાત સરકાર**

ઉદ્યોગ અને ખાણ વિભાગ

ઠરાવ ક્રમાંક:- IMD/MRT/e-file/9/2026/1825/KH1

સચિવાલય ગાંધીનગર

તા: ૨૦/૦૮/૨૦૨૬

**પ્રસ્તાવના:**

રાજ્યમાં માટીકલા સાથે સંકળાયેલા કારીગરો પરંપરાગત રીતે ઉત્તમ કળા અને કુશળતા ધરાવે છે, પરંતુ તેમનાં માટીકલાના ઉત્પાદન જેવા કે માટીકલાની સુશોભિત વસ્તુઓ, કોડિયા, કુલ્લડ, દીવા, મડવર્કની આઇટમો તથા માટીના ઘરેણા અને આર્ટીકલ વિગેરે વસ્તુઓના ઉત્પાદનોને યોગ્ય બજાર મળતું નથી. મોટા ભાગના કારીગરો ગ્રામ્ય કે અર્ધશહેરી વિસ્તારોમાં કાર્યરત હોવાથી તેમના ઉત્પાદન સીધી રીતે ગ્રાહકો સુધી પહોંચી શકતા નથી. આમ ઉપરોક્ત બજારવ્યવસ્થાનો અભાવ, મધ્યસ્થીઓ પરની નિર્ભરતા, તેમજ આધુનિક બજાર કૌશલ્યનો અભાવ હોવાથી કારીગરોને તેમની મહેનત મુજબનું મૂલ્ય પ્રાપ્ત થતું નથી.

આ ઉપરાંત વર્તમાન સમયમાં “હર ઘર સ્વદેશી - ઘર ઘર સ્વદેશી” જેવા રાષ્ટ્રીય આહવાનને અનુરૂપ સ્વદેશી ઉત્પાદનોના પ્રોત્સાહન અને સ્થાનિક હસ્તકલા ઉદ્યોગોના સંવર્ધન તરફ સરકારશ્રી દ્વારા વિશેષ ધ્યાન આપવામાં આવી રહેલ છે. સ્વદેશી ઉત્પાદનોના ઉપયોગને વેગ આપવા માટે રાજ્યના પરંપરાગત ઉદ્યોગો અને કારીગરોને પ્રોત્સાહિત કરવા માટીકલા કારીગરોના ઉત્પાદનોને વેચાણ પ્રોત્સાહન અને બજાર વ્યવસ્થા પ્લેટફોર્મ પુરૂ પાડવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

આ બાબતે કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજયમાં માટીકલા પ્રવૃત્તિઓમાં રોકાયેલા કારીગરોના ઉત્પાદનોને બજાર સુધી પહોચાડવા સંસ્થા દ્વારા વેચાણ મેળાઓનું આયોજન કરી કારીગરોને વિના મુલ્યે સ્ટોલ આપી **"હર ઘર સ્વદેશી- ઘર ઘર સ્વદેશી"**ના સૂત્રને સાકાર કરવા માટીકલા કારીગરોના ઉત્પાદનોને વેચાણ પ્રોત્સાહન અને બજાર વ્યવસ્થા પ્લેટફોર્મ પુરૂ પાડવા માટે નીચે દર્શાવેલ શરતો અને બોલીઓને અધિન **માટીકલા કારીગરોના ઉત્પાદનોને વેચાણ પ્રોત્સાહન અને બજાર વ્યવસ્થા પ્લેટફોર્મ પુરૂ પાડવાની** યોજનાના અમલીકરણ માટે વર્ષઃ ૨૦૨૬-૨૭ના

બજેટમાં કુલ રૂ. ૨૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાનને ફાળવવાનું આથી ઠરાવવામાં આવે છે.

**(૧) કારીગરોની પાત્રતાના ધોરણોઃ**

- કારીગર માટીકામની સુશોભિત વસ્તુઓ, કોડિયા કુલ્લડ, મડવર્કની આઇટમો તથા માટીના ઘરેણા અને માટીકામ આર્ટીકલ વિગેરે વસ્તુઓના ઉત્પાદન કરતા હોવા જોઇએ.
- કારીગર કુટુંબ દીઠ એક વ્યક્તિ આ યોજનાનો લાભ લઇ શકશે.
- કારીગરો પાસે ગુજરાત સરકાર/ભારત સરકાર/રાજ્ય અથવા કેન્દ્ર સરકારના કોઇ પણ બોર્ડ/નિગમ અને સંસ્થાન કે કોઇ પણ અધિકૃત એજન્સી દ્વારા ઇસ્યુ કરેલ કારીગર ઓળખ કાર્ડ હોવુ જરૂરી છે. **અથવા** જો કારીગર પાસે કારીગર ઓળખકાર્ડ ઉપલબ્ધ ન હોય તો સંબંધિત ગામના તલાટી-કમ-મંત્રીએ આપેલ **એનેક્ષર-૨** મુજબના નમૂનામાં કારીગર માટીકામ વ્યવસાય સાથે સંકળાયેલા છે તે સબબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
- કારીગર ગુજરાત રાજયનો રહેવાસી હોવો જોઇએ.
- અરજદાર કારીગરોની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ હોવી જોઇએ.

**(૨) કારીગરને મળવાપાત્ર લાભઃ**

- મેળામાં ભાગ લેનાર કારીગરોને મેળામાં હાજર રહીને માટીકામની ચીજ વસ્તુઓનું વેચાણ કરે તેઓને મેળાના સમયગાળા દરમ્યાન હાજર દિવસો માટે પ્રતિ દિવસ રૂા. ૧૦૦૦/- લેખે મેળા સહાય મળવાપાત્ર થશે. મેળા સહાયમાં કારીગરને મેળાના સ્થળે માલ સામાન લાવવા- લઇ જવાના ઉચ્ચક ભાડાનો પણ સમાવેશ થાય છે.
- પાત્રતા ધરાવતા કારીગરોને વેચાણ મેળામાં વિના મૂલ્યે સ્ટોલની ફાળવણી કરવામાં આવશે.

**(૩) યોજનાના અમલીકરણ માટેની શરતો અને જોગવાઈઓઃ**

- સમગ્ર યોજનાનું અમલીકરણ અને મોનીટરીંગ ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા કરવાનું રહેશે.
- પાયલોટ ધોરણે યોજના અંતર્ગત મેળાનું આયોજન રાજયના મુખ્ય શહેર અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત શહેરમાં કરવાનું રહેશે. ભવિષ્યમાં આ આયોજન સમગ્ર રાજયકક્ષાએ પણ કરી શકાશે.
- મેળાના સમયગાળા દરમ્યાન તહેવારોને ઘ્યાને લઇ મેળાનો સમયગાળો ૫ થી ૭ દિવસ રાખવાનો રહેશે.
- રાજયભરમાં યોજાનારા મેળાઓને એકસરખી ઓળખ અને અસરકારક બ્રાન્ડિંગ આપવા માટે મેળાનું નામ **"માટીકલા વેચાણ સહ પ્રદર્શન મેળો "**રાખવાનું રહેશે.

- મેળા સંલગ્ન કામગીરી ઇન્ડેક્ષ–સી કચેરી અથવા કુટિર અને ગ્રામોધોગ હેઠળના કોઇપણ બોર્ડ/નિગમ/સંસ્થા દ્વારા મંડપ ડેકોરેશન તથા તેને આનુષાંગિક કામગીરી માટેના ટેન્ડરીંગ દ્વારા મંજુર થયેલ ભાવ મુજબ નિયત થયેલ એજન્સી મારફત કરાવવાની રહેશે.
- મેળાના સ્થળે સુરક્ષા, સ્વચ્છતા, વીજળી, પાણી અને આગ નિવારણ જેવી મેળા આનુષાંગિક જરૂરી વ્યવસ્થાઓ સંસ્થા દ્વારા ઉપલબ્ધ કરાવવાની રહેશે.
- મેળામાં ભાગ લેનાર દરેક કારીગરો તથા તેમના માલસામાન માટે મેળાના સમયગાળા દરમ્યાન અકસ્માત વીમો લેવાનો રહેશે. આ વીમાનું પ્રીમિયમ સંસ્થાએ ભોગવવાનું રહેશે.
- મેળાના મંડપ ડેકોરેશનની કામગીરી માટે થર્ડ પાર્ટી ઇન્સ્પેક્શન ઇન્ડેક્ષ–સી અથવા કુટિર અને ગ્રામોધોગ હેઠળના કોઇપણ બોર્ડ/નિગમ/સંસ્થા દ્વારા પસંદ થયેલ ટી.પી.આઇ. એજન્સી મારફતે કરાવવાનું રહેશે. સંબંધિત એજન્સી દ્વારા મેળાના સ્થળે માપણી કરી અહેવાલ રજૂ કરશે અને તે અહેવાલના આધારે જ ચુકવણું કરવાનું રહેશે.
- મેળામાં થયેલ વેચાણની વિગતો કારીગરો પાસેથી મેળવી સંસ્થા દ્વારા સંકલિત રિપોર્ટ તૈયાર કરવાનો રહેશે. આ ઉપરાંત મેળાની કામગીરીના ફોટોગ્રાફ, વિડિઓ તથા અન્ય દસ્તાવેજી પુરાવા બનાવી સંસ્થા દ્વારા જાળવવાના રહેશે.
- યોજના અંગે વર્તમાનપત્રોમાં જાહેરાત આપી, પાત્રતા ધરાવતા અને મેળામાં ભાગ લેવા ઇચ્છુક કારીગરો પાસેથી અરજીઓ મંગાવવાની રહેશે.
- મેળામાં ભાગ લેવા ઇચ્છુક કારીગરોએ **એનેક્ષર–૧** મુજબના અરજી ફોર્મમાં જરૂરી દસ્તાવેજો સાથે અરજી કરવાની રહેશે.
- પાત્રતા ધરાવતા કારીગરોને મેળામાં ભાગ લેવા કારીગર કુટુંબદીઠ એક સ્ટોલ ફાળવવામાં આવશે. ફાળવેલ સ્ટોલ અન્ય કોઇને હસ્તાંતર અથવા અન્યને ફાળવણી કરી શકાશે નહીં.
- મેળામાં સ્ટોલની ફાળવણી માટે નિયામકશ્રી, ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાનના અધ્યક્ષસ્થાને સ્ટોલ ફાળવણી સમિતિ રચવાની રહેશે. યોજનામાં નિર્ધારિત લક્ષ્યાંક કરતાં વધુ કારીગરોની અરજીઓ પ્રાપ્ત થાય તો કારીગરોની પસંદગી કોમ્પ્યુટરાઇઝડ ડ્રો પદ્ધતિ દ્વારા કરવાની રહેશે. પસંદ થયેલ કારીગરોને સ્ટોલની ફાળવણી પણ સ્ટોલ ફાળવણી સમિતિ દ્વારા કોમ્પ્યુટરાઇઝડ ડ્રો પદ્ધતિથી કરવામાં આવશે.
- મેળામાં ભાગ લેનાર તમામ કારીગરોની વિગતો (નામ, સરનામું, કારીગર ઓળખ કાર્ડ, ઉત્પાદન, વેચાણનો ડેટા) નિભાવવાનો રહેશે.
- મેળાના ભાગ લેનાર કારીગરોને મેળા સહાયનું ચુકવણું આર.ટી.જી.એસ./ડી.ડી/ચેક દ્વારા કરવાનુ રહેશે.
- મેળા સહાય માટે કારીગરોએ **એનેક્ષર–૩** મુજબ જરૂરી દસ્તાવેજો સાથે કલેઇમ ફોર્મ રજુ કરવાનું રહેશે.

- જે વર્ષમાં મેળાનું આયોજન કોઈ કારણોસર ન થઇ શકે તેમ હોય તેવા સંજોગોમાં મેળા સહાય ચુકવવા પાત્ર રહેશે નહી.
- માટીકલાના ઉત્પાદનોના પ્રચાર-પ્રસાર માટે બેનર, હોર્ડીંગ, સોશિયલ મીડિયા, પ્રિન્ટ મીડિયા વગેરે જેવા વિવિધ માસ મીડીયાના માધ્યમો દ્વારા જાહેરાત, પ્રચાર અને પ્રસારની કામગીરી માહિતી ખાતા મારફત માન્ય દરો અથવા ડી.એ.વી.પી માન્ય દરથી કરવાની રહેશે.
- યોજનાના અમલીકરણ માટે જરૂરી સ્ટાફની સેવાઓ જરૂરીયાત મુજબ આઉટ સોર્સીંગથી મેળવી શકાશે.
- યોજના અંગે જાહેરાત તથા પ્રચાર-પ્રસાર અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઈની મર્યાદામાં મીડીયા કમીટી દ્વારા મંજૂર કરેલ મીડીયા પ્લાન મુજબ કરવાનો રહેશે.
- આવશ્યકતા જણાયે સદરહુ યોજના અન્વયે અમલીકરણ કાર્ય પધ્ધતિ તથા વિગતવાર સૂચનાઓ/સૂચનાઓમાં સુધારા-વધારા ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થા દ્વારા વખતો- વખત બહાર પાડવામાં આવશે.
- યોજના અન્વયે ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ટેન્ડરીંગ અંગેની વખતો વખત સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.
- આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ, જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ દ્વારા ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે અને આ મંજુરી અન્વયે દર્શાવેલ કામગીરી પૂર્ણ થયેથી બચત રકમ સરકારશ્રીમાં પરત જમા કરાવવાની રહેશે.
- આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.
- આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ.
- આ યોજના અન્વયેનો ખર્ચ નીચેના બજેટ સદરે કરવાનો રહેશે.

| | |
|---|---|
| બજેટ સદર | : જનરલ પ્લાન માંગણી નં. ૪૯ (પ્લાન) |
| મુખ્ય સદર | : ૨૮૫૧ – ગ્રામ અને લઘુ ઉદ્યોગ |
| ગૌણ સદર | : ૨૦૦– અન્ય ખર્ચ |
| પેટા સદર | : (૦૧) આઇએનડી-૩૦ ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન |
| હેતુ સદર | : (૩૧૩૫) જનરલ સહાયક અનુદાન |
| કો.કો.નં. | : ૨૮૫૧ ૦૦ ૨૦૦ ૦૧ |

આ ઠરાવ સમાન ક્રમાંકની ફાઈલ પર મળેલ સરકારશ્રીની મળેલ મંજૂરી અન્વયે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી તેમજ તેમના નામે.

(ડૉ.ભૂમિકા એચ. પટેલ)
ઉપ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૦૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (ખાદી, કુટીર અને ગ્રામોદ્યોગ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ ૦૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, (કુટીર ઉદ્યોગ), સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન, સેકટર–૧૨ ગાંધીનગર
- કાર્યવાહક નિયામકશ્રી, ઇન્ડેક્ષ્ટ–સી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા સારું)
- પસંદગી ફાઇલ

## એનેક્ષર-૧

ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૦/૦૮/૨૦૨૬ના ઠરાવ ક્રમાંક:- IMD/MRT/e-file/9/2026/1825/KH1 સાથેનું જોડાણ

| | |
|---|---|
| | **ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન**<br>**(ગુજરાત સરકારની સંસ્થા)**<br>ઘ-૪ પાસે, સેક્ટર-૧૨, ગાંધીનગર-૩૮૨૦૧૬<br>ફોનઃ ૦૭૯-૨૩૨૫૧૬૫૧<br>Website: https://gmkrti.gujarat.gov.in/<br>Email: dir-gmkrti@gujarat.gov.in |

અરજદારે પોતાનો તાજેતરનો

પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ અહીં ચોંટાડવો.

**માટીકલા વેચાણ સહ પ્રદર્શન મેળામાં ભાગ લેવા નોંધણી માટેનું અરજી ફોર્મ**

| | | |
|---|---|---|
| ૧અ. | અરજદાર કારીગરનું નામ (કારીગર ઓળખકાર્ડ મુજબ) | નામ<br><br>પિતા / પતિનું નામ<br><br>અટક |
| ૨ | પૂરું સરનામું | ઠેકાણું:<br><br>ગામઃ<br><br>તાલુકોઃ<br><br>જિ.<br><br>પીનકોડઃ |
| ૩અ. | જન્મ તારીખ | અંકોમાં -<br>શબ્દોમાં - |

Bhumika

| | | |
|---|---|---|
| ૩બ. | ઉંમર | |
| ૪અ. | મોબાઈલ નંબર | |
| ૪બ. | વોટ્સએપ નંબર | |
| ૪ક. | ઈ–મેઈલ આઈડી (જો હોય તો) | |
| ૫. | શૈક્ષણિક લાયકાત (લાગુ પડતું હોય તે સામે ખરાની નિશાની કરો.) | નિરક્ષર<br>પ્રાથમિક શિક્ષણ (ધોરણ ૧ થી ૮)<br>માધ્યમિક – ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (ધોરણ ૯ થી ૧૨)<br>સ્નાતક<br>અનુસ્નાતક |
| ૬. | જાતિ (Gender)<br>(લાગુ પડતું હોય તે સામે ખરાની નિશાની કરો.) | પુરુષ<br>સ્ત્રી<br>ત્રીજી જાતિ |
| ૭. | કક્ષા (Category)<br>(લાગુ પડતું હોય તે સામે ખરાની નિશાની કરો.) | અનુસૂચિત જાતિ (SC)<br>અનુસૂચિત જનજાતિ (ST)<br>સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (SEBC)<br>આર્થિક રીતે પછાત વર્ગ (EWS)<br>બિનઅનામત (General) |
| ૮. | દિવ્યાંગતા (જો કોઈ હોય તો) | |
| | દિવ્યાંગતાની ટકાવારી (%)<br>(સક્ષમ તબીબી અધિકારીએ આપેલા દિવ્યાંગતા પ્રમાણપત્રની | |

| | | |
|---|---|---|
| | પ્રમાણિત નકલ બીડવી.) | |
| ૯. | આધાર કાર્ડ નંબર | |
| ૧૦. | કારીગર ઓળખકાર્ડ નંબર / એનેક્ષર-૩ મુજબનું તલાટીના પ્રમાણપત્રની તારીખ | |
| | કાર્ડ ઈસ્યુ થયા તારીખ | |
| ૧૧. | જે સંસ્થા દ્વારા કારીગર ઓળખકાર્ડ ઈસ્યુ કરવામાં આવ્યું હોય તે સંસ્થાનું નામ | |
| ૧૨. | મેળાના સ્થળનો પસંદગીનો અગ્રતાક્રમ<br>સામેના ખાનામાં મેળાના સ્થળની પસંદગીનો અગ્રતાક્રમ દર્શાવવાનો રહેશે. | (see table below) |
| ૧૩. | મેળા / પ્રદર્શનમાં વેચાણ માટેની ચીજ વસ્તુઓના નામ | |
| ૧૪. | મેળા / પ્રદર્શન દરમિયાન સ્ટોલમાં હાજર રહેનાર સહાયક કારીગરની વિગત | |
| ૧૫ | અરજદાર ગરીબી રેખા હેઠળ (BPL) નોંધાયેલ છે? (હા / ના) જો હા, તો BPL નંબર | |
| ૧૬. | ગુજરાત રાજ્યના મૂળ વતની (Domicile) છો કે કેમ? (હા / ના) | |
| ૧૭. | બેંક ખાતાની વિગતો | બેંક ખાતાધારકનું નામ<br>બેંકનું નામ<br>શાખા<br>ખાતા નં.<br>IFSC Code |

૧૨.

| મેળાનું સ્થળ | પસંદગીનો અગ્રતાક્રમ ( ૧ થી ૪ ) |
|---|---|
| અમદાવાદ | |
| રાજકોટ | |
| વડોદરા | |
| સુરત | |

૧૪.

| ક્રમ | સહાયક કારીગરનું નામ | મોબાઈલ નંબર | આધાર નંબર |
|---|---|---|---|
| | | | |
| | | | |

મારી ઉત્તમ જાણ અને માહિતી મુજબ ઉપર અરજીફોર્મમાં આપવામાં આવેલી માહિતી / વિગતો સાચી અને સંપૂર્ણ છે. જો આપેલ માહિતી ખોટી, અધૂરી અથવા ભ્રામક હોવાનું બહાર આવશે તો મને આપવામાં આવેલ સહાય રદ કરવામાં આવશે અને સરકારના અમલમાં રહેલા નિયમો મુજબ કાર્યવાહી કરવામાં આવશે, જે મને માન્ય રહેશે.

સ્થળઃ અરજદારની સહી

તા. અરજદારનું પૂરું નામ

**અરજીફોર્મ સાથે બિડાણ કરવાના આધારો**

1. કારીગર ઓળખકાર્ડની નકલ અથવા એનેક્ષર-૨ મુજબ તલાટીના પ્રમાણપત્રની નકલ
2. રેશનકાર્ડની નકલ
3. આધારકાર્ડની નકલ
4. જાતિ (Category) પ્રમાણપત્રની નકલ (લાગુ પડતું હોય તો)
5. દિવ્યાંગ કારીગરના કિસ્સામાં સક્ષમ તબીબી અધિકારીએ આપેલું દિવ્યાંગતાનું પ્રમાણપત્ર જેમાં દિવ્યાંગતાનો પ્રકાર અને દિવ્યાંગતાની ટકાવારીનો ઉલ્લેખ હોય (લાગુ પડતું હોય તો)

**માટીકલા વેચાણ સહ પ્રદર્શન મેળામાં ભાગ લેવા અંગેની શરતો**

1. મેળામાં ભાગ લેવા માટે કારીગર માટીકામ સાથે સંકળાયેલા હોવા જોઈએ અને માટીકલાની સુશોભિત વસ્તુઓ, કોડિયા, કુલ્ડ, દીયા, મડવર્કની આઇટમો, માટીના ઘરેણા તથા અન્ય માટીકામ આધારિત આર્ટીકલ્સનું ઉત્પાદન કરતા હોવા જોઈએ.
2. મેળામાં માત્ર કારીગર દ્વારા બનાવેલ માટીકલા ઉત્પાદનોનું જ પ્રદર્શન અને વેચાણ કરવાની મંજૂરી રહેશે. બજારમાંથી ખરીદેલ અથવા મશીનમેઇડ વસ્તુઓનું વેચાણ કરવાની મંજૂરી રહેશે નહીં.
3. કારીગર પાસે માન્ય કારીગર ઓળખકાર્ડ રાખવું જરૂરી રહેશે અને માંગણી થતા અધિકારીઓને દર્શાવવાનું રહેશે.
4. કારીગરને સંસ્થા દ્વારા ફાળવેલ સ્ટોલ માન્ય અને બંધનકર્તા રહેશે. તે અંગે કોઈ વાદ-વિવાદ કરી શકાશે નહીં.
5. કારીગરને ફાળવેલ સ્ટોલનો ઉપયોગ માત્ર પોતે બનાવેલ માટીકલા ઉત્પાદનોના પ્રદર્શન અને વેચાણ માટે જ કરવાનો રહેશે. સ્ટોલ અન્ય કોઈ વ્યક્તિને હસ્તાંતર કે ફાળવણી કરી શકાશે નહીં.
6. કારીગરોએ મેળાના સમયગાળા દરમિયાન વ્યક્તિગત રીતે હાજર રહી પોતાના સ્ટોલનું સંચાલન કરવાનું રહેશે.
7. મેળા દરમિયાન થયેલ વેચાણની સાચી અને સચોટ વિગતો દૈનિક ધોરણે મેળાના ઇન્ચાર્જ /અધિકારીને આપવાની રહેશે.
8. મેળામાં ફરજ પરના અધિકારીઓ દ્વારા આપવામાં આવતી વહીવટી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે તથા મેળાના આયોજનમાં પૂરતો સહકાર આપવાનો રહેશે.

Bhumit

ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૦/૦૮/૨૦૨૬ના ઠરાવ ક્રમાંક:- IMD/MRT/e-file/9/2026/1825/KH1 સાથેનું જોડાણ

## **એનેક્ષર-૨**

## **કારીગર માટીકામ વ્યવસાય સાથે સંકળાયેલા છે તે મતલબનું તલાટી-કમ-મંત્રીનું પ્રમાણપત્ર**

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે શ્રી/શ્રીમતી ..................................................................

મુ. ................................ તા. ........................ જી. ................................ ના રહેવાસી છે.

તેઓ હાલમાં મુ. ................................ ખાતે માટીકલા સંબંધિત પ્રવૃત્તિમાં સંકળાયેલા છે અને માટીકલાની સુશોભિત વસ્તુઓ, કોડિયા, કુલ્લડ, મડવર્કની આઇટમો, માટીના ઘરેણા તથા અન્ય માટીકામ આધારિત આર્ટીકલ્સનું ઉત્પાદન કરે છે.

આ બાબતની ખાતરી કરી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ: ............................

તારીખ: ..... / ..... / ૨૦.....

સહી ............................................... (સીલ)

Bhumika

ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૦/૦૮/૨૦૨૬ના ઠરાવ ક્રમાંક:– IMD/MRT/e-file/9/2026/1825/KH1 સાથેનું જોડાણ

## એનેક્ષર–૩

## મેળા સહાયનું ફોર્મ

પ્રતિ
નિયામકશ્રી,
ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામ ટેકનોલોજી સંસ્થાન
સેક્ટર–૧૨ ગાંધીનગર

**વિષય: મેળા સહાય મેળવવા માટેની અરજી.**

૧. કારીગરનું નામઃ

...................................................................................................................

૨. પુરું સરનામું:

...................................................................................................................

૩. મોબાઇલ નંબરઃ

...................................................................................................................

૪. આર્ટીઝન કાર્ડ નંબરઃ

............................................................................................................

અથવા તલાટીના
પ્રમાણની તારીખ

૫. મેળાનું સ્થળઃ

......................................................................................................................

૬. મેળામાં ફાળવેલ સ્ટોલ નંબરઃ

...................................................................................................

૭. મેળાનો સમયગાળો તા....................................થી
તા..............................................સુધી

૮. મેળા દરમ્યાન થયેલ કુલ વેચાણની રકમ રૂ...................................

## બાંહેધરી

હું આથી બાંહેધરી આપું છું કે હું માટીકલા કારીગર છું અને ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેકનોલોજી સંસ્થાન દ્વારા ફાળવેલ સ્ટોલમાં ઉપરોક્ત મેળામાં વ્યક્તિગત રીતે હાજર રહી માટીકલાના ઉત્પાદનોનું પ્રદર્શન તથા વેચાણ કરેલ છે. ઉપર દર્શાવેલ તમામ વિગતો મારી જાણ મુજબ સાચી છે અને યોજનાની શરતો મને બંધનકર્તા રહેશે.

કારીગરની સહી...........................................

| તારીખ | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| હાજર/ગેરહાજર | | | | | | | | | |

Bhavnita

| | |
|---|---|
| સદરહુ મેળા દરમ્યાન કારીગર હાજર રહેલ<br>દિવસ.................. | મેળા સહાય દર: રૂ. ૧૦૦૦ પ્રતિ દિવસ<br>ચૂકવવાપાત્ર મેળા સહાય કુલ રકમ:<br>રૂ. ....... .................................. |
| ....................................................<br>કારીગરની સહી | ............................................................<br>મેળા ઇન્ચાર્જની સહી |

**બિડાણ:**(૧) અદ્યતન કરાયેલ બેંક પાસ બુકના પ્રથમ પાનાની ઝેરોક્ષ નકલ
(૨) આધાર કાર્ડ
(૩) રેશન કાર્ડની નકલ
(૪) કારીગર ઓળખ કાર્ડની નકલ અથવા એનેક્ષર–૩ મુજબના તલાટીના પ્રમાણપત્રની નકલ